શબ્દને ઓળખવા માટે લય જોઇએ, મનને ઓળખવા માટે વય જોઇએ, વયને ઓળખવા સમય જોઇએ
- ગુણવંત શાહ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૧ | ૨૨ મે, ૨૦૧૪, ગુરૂવાર; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આનંદીબેન પ્રથમ મહિલા મુખ્યમંત્રી

## મહાત્મા મંદિરમાં આજે બપોરે શપથવિધિ સમારોહ યોજાશે : મોદીના કાર્યોને આગળ વધારવાનું વચન

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં છેલ્લા ૧૩ વર્ષથી શાસન કરી રહેલા નરેન્દ્ર મોદી હવે વડાપ્રધાન બનતાં તેમના અનુગામી તરીકે મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલને સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ આવતીકાલ ૧૨.૩૯ કલાકે મુખ્યમંત્રી પદના શપથ લેશે. મોદીએ ગુજરાતમાં ૪૬૧૦ દિવસ શાસન કરવાનો રેકોર્ડ બનાવ્યો છે.

મોદીએ મુખ્યમંત્રી પદેથી રાજયપાલ ડો. કમલાને રાજીનામું આપ્યા પછી ગાંધીનગરમાં યોજાયેલી પાર્ટીની બેઠકમાં નવા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનું નામ જાહેર કરવામાં આવ્યું હતે જેની દરખાસ્ત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમએ કહી હતી અને નાણામંત્રી નિતીન પટેલ તેમજ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અમિત શાહે સમર્થન આપ્યું હતું. આનંદીબેન એ ગુજરાતના પહેલા મુખ્યમંત્રી બનશે.

આ -સંગે નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રેવન્યુ ક્ષેત્રે જે ઉત્તમ કામગીરી થઈ તે આનંદીબેન પટેલને આભારી છે. તેમની પાસે વહીવટનો બહોળો અનુભવ છે. તેઓ ગુજરાતના ક્ષેષ્ઠ મુખ્યમંત્રી પુરવાર થશે. તેઓ ગુજરાતના પહેલા મુખ્યમંત્રી છે જે ગોલ્ડ મેડાલિસ્ટ છે અને રાષ્ટ્રપતિ હસ્તે એવોર્ડ પણ મેળવી ચૂક્યા છે.

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે પોતાના નામના એલાન બાદ આનંદીબેન પટેલે થાવરચંદ ગેહલોત, ઓમ માથુર, નરેન્દ્ર મોદી તથા ધારાસભ્યોનો આભાર માન્યો હતો. તેઓ પોતાના સંબોધનમાં રડી પડ્યાં હતા. તેમણે પોતાના ભાવુક સંબોધનમાં સજળ નેત્રે જણાવ્યું હતું કે, ભાજપની ટોચની નેતાગીરી અને નરેન્દ્ર મોદીએ વિશ્વાસ મુક્યો તેના કારણે મારા જેવી ગામડાંની શિક્ષિકા અહીં સુધી પહોંચી. છેલ્લા દસ વર્ષથી મુખ્યપ્રધાન સાથે રહીને કામ કર્યુ છે.

અટલ બિહારી વાજપેયી અને અડવાણીની પેઢીએ અમારામાં સંસ્કારો અને ભાજપની પરંપરાઓનું અમારામાં સિંચન કર્યુ છે. નરેન્દ્ર મોદી જેવા મહાનુભાવોએ અમને તૈયાર કર્યા છે. રાજકીય પાર્ટીઓમાં મહિલાઓને કામ કરવું અઘરુ હોય છે. પણ ભાજપમાં એવું નથી. અહીં મહિલાઓને પણ તક અને સુવિધા અપાય છે. તેમના વિકાસ માટેની શિબિરો કરાય છે. અહીં મહિલાઓને પંચાયત અને પાર્લામેન્ટમાં ટિકીટ અપાય છે.

આનંદીબેને કહ્યું હતું કે, આપે બહેનો પર ભરોશો મુક્યો છે તો હવે તે અખંડ રહેશે. આપણે ગુજરાતમાં ૨૬ બેઠકો જીતી છે.

● અનુસંધાન પાન-૫ પર


(તસવીર : દિપક જાની)

### નરેન્દ્ર મોદીના માર્ગે પ્રગતિ માટે પ્રતિબદ્ધતા છે : આનંદીબેન

ગાંધીનગર, તા. ૨૧



નરેન્દ્ર મોદીએ સ્થાપેલી પરંપરાનું પાલન કરીશું અને તેમને તૈયાર કરેલા માર્ગ પર ચાલવાનુ વચન આજે ભાવી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપ્યું હતું. આનંદીબેન પટેલ વક્તવ્ય આપી રહ્યા હતા તે દરમ્યાન ભાવુક બની રડી પડ્યા હતા.

ભાજપ વિધાયક દળની આજે મળેલી બેઠકમાં નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી તરીકે ભાજપ પક્ષના નેતા તરીકે શ્રીમતી આનંદીબેન પટેલનો સર્વાનુમતે પસંદગી કરવામાં આવતા તેઓની આંખો આનંદથી અશ્રુભીની બની ગઈ હતી. ભાજપના વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ સૌ પ્રથમવાર પક્ષના ધારાસભ્યોને સંબોધતી વખતે શ્રીમતી આનંદીબેન પટેલ ભાવુક બનીને રડી પડ્યા હતા. તેમણે ધારાસભ્યોને સંબોધતા જણાવ્યું હતું કે મારા પર મુકવામાં આવેલો ભરોસો અખંડ રાખીશ. નરેન્દ્ર મોદીએ સ્થાપેલી પરંપરાનું પાલન કરીશું અને તેમણે તૈયાર કરેલ માર્ગ પર ચાલવાનુ વચન આનંદીબેને આપ્યું હતું. તેમણે જણાવ્યુ હતુ કે સાબરમતી છોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી યમુના કિનારે જઈ રહ્યા છે.

### ...ને આનંદીબેન રડી પડ્યા

ગાંધીનગર, તા. ૨૧

'ગુજરાતના મુખ્યમંત્રીપદે એક કિસાન દિકરીની પસંદગી કરી...' પ્રવચનના પ્રારંભે આ વાક્ય બોલતા નવ નિયુક્ત મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ભાવુક બની ગયા હતા. આંખમાં આંસુ છલકાઈ ગયા હતા અને બે-ત્રણ મિનિટ સુધી કંઈ બોલી શક્યા ન હતા. ત્યારબાદ રડમસ અવાજે ભાજપના નેતાઓ અને પદનામિત પ્રધાનમંત્રી તથા ધારાસભ્યોનો આભાર માન્યો હતો. પોતાના પ્રવચન દરમ્યાન એક-બે પ્રસંગો દરમ્યાન નરેન્દ્ર મોદીના પ્રવચન અને વહીવટી કુશળતાને બિરદાવી ભાવુક બન્યા હતા. આનંદીબેનને પોતાના વક્તવ્યમાં ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવાની ખાતરી આપી હતી.

### આર.સી. ફળદુ રાજ્યપાલશ્રીને મળી નવા નેતાની જાણકારી આપી

ગાંધીનગર, તા. ૨૧

ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ શ્રીમતી


(તસવીર : દિપક જાની)

આનંદીબેન પટેલે રાજ્યપાલશ્રીને મળીને સરકાર રચવાનો દાવો રજુ કરતાં રાજ્યપાલે તેમને આમંત્રણ આપતા આનંદીબેન પટેલ આવતીકાલે મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કરશે.

ભાજપના ધારાસભ્યોની આજે મળેલી બેઠકમાં શ્રીમતી આનંદીબેન પટેલને સર્વાનુમતે પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. બેઠક બાદ શ્રીમતી આનંદીબેન પટેલ પ્રદેશ નેતાઓ સાથે રાજભવન જઈ રાજ્યપાલશ્રીને મળીને સરકાર રચવાનો દાવો રજુ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ શ્રીમતી આનંદીબેન પટેલને સરકાર રચવા આમંત્રણ આપતા આવતીકાલે ૧૨.૩૯ ના શુભ મુહૂર્તે તેઓ મુખ્યમંત્રી તરીકેના શપથગ્રહણ કરશે.

